ઈજાગ્રસ્ત થયેલ ગાયને કરુણા એનિમલ એમ્બ્યુલસે નવજીવન બક્ષ્યું

ઘાસચારો તથા પીવાની સગવડ સાથે સારસંભાળની જવાબદારી જીવદયા પ્રેમીઓ દ્વારા ઉપાડી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૮

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે નંબર આઠ ઉપર સાબર ડેરી નજીક ગતરોજ રવિવારે સમી સાંજે કોઈ અજાણ્યા વાહનચાલકે ગાયને ટક્કર મારી હતી જેમાં ગાયના શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી દરમિયાન ઈજાગ્રસ્ત ગાયને કણસતી હાલતમાં જોઈને જીવ દયા પ્રેમી દિનેશભાઈ દેસાઈ તથા તેમના મિત્ર મંડળે ૧૯૬૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ને જાણ કરી હતી કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી જેમાં સારવાર દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત ગાયના માતાના ભાગના સિંઘડા કાપવાની ફરજ પડી હતી કરુણા એનિમલ્સ ના ડોક્ટર પટેલ તથા એમ્બ્યુલન્સ ડ્રાઈવર અંકિત ન્યાય દ્વારા ભારે જહેમત બાદ ઈજાગ્રસ્ત ગાયને સારવાર આપી નવજીવન બક્ષ્યું હતું ત્યારબાદ ઈજાગ્રસ્ત ગાયને યોગ્ય જગ્યાએ બાંધીને ઘાસચારો તથા પીવાની સગવડ સાથે સારસંભાળની જવાબદારી જીવદયા પ્રેમીઓ દ્વારા ઉપાડી લેવામાં આવી હતી

પ્રાંતિજના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે શિક્ષકોને કોરોનાની રસી અપાઈ

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે શિક્ષકો દ્વારા આજે કોરોના ની રસી લેવામાં આવી હતી તો પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષણાઅધિકારી કે.એન.મકવાણા ઉપસ્થિત રહીને શિક્ષકો ને પ્રોત્સાહિત કર્યા હતાં .

પ્રાંતિજ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે વેકસીનેશન કાર્યક્રમ યોજાયો હતો જેમાં પ્રાંતિજ સહિત પ્રાંતિજ તાલુકા ના પ્રાથમિક શિક્ષકો ને આજે કોરોના ની વેકસીન આપવામાં આવી હતી જેમાં પ્રાંતિજ સહિત તાલુકા માંથી ઉપસ્થિત ૫૮ જેટલા પ્રાથમિક શિક્ષકો શિક્ષિકાઓએ આજે કોરોનાની રસી લીધી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષણાઅધિકારી કે. એન. મકવાણા પણ ઉપસ્થિત રહ્યા હતાં અને શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતાં અને પ્રાંતિજ સહિત તાલુકાના દરેક શિક્ષકોને કોરોનાની રસી લેવા અનુરોધ કર્યો હતો અને આ રસી બિલકુલ સુરક્ષિત છે અને કોઈપણ જાતની બીક વગર રસી લેવી જોઈએ અને ખોટી અફવાઓ પર ધ્યાન આપવું નહી તો આ પ્રસંગે મહંત સુનીલદાસજી મહારાજ, જુથમંત્રી પ્રાંતિજ શાળા નંબર-૨, સીઆરસી પ્રાંતિજ શાળા નંબર-૨, દિલુસિંહ, દશરથભાઈ સહિત પ્રાથમિક શિક્ષકો શિક્ષિકાઓ ઉપસ્થિત રહીને કોઈ પણ જાતની બીક વગર કોરોનાની રસી લીધી હતી.

કંપાથી પોદાર સ્કૂલને જોડતો રોડ છેલ્લા ગણા વર્ષો બિસ્માર હાલતમાં : સ્થાનિક લોકો ત્રાહિમામ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા. ૦૮

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક કહેવાતા હિંમતનગર શહેર ને અડી ને આવેલ નવા ગ્રુપ ગ્રામ પંચાયતની હદ મા બળવંત પુરા કંપા થી પોદાર સ્કૂલને જોડતો રોડ છેલ્લા ગણા વર્ષો થી કાચો રસ્તો છે વર્ષો પહેલા આ ત્રણસો મીટર ના રોડ પર મેટલ કામ થઈ ચૂક્યું છે હાલમા આ કાચા રોડ પર થી પગદંડી પસાર થવું પણ મુશ્કેલી જનક છે જલારામ મંદિર વિસ્તારના તમામ લોકો બેરણા રોડ પર જવા માટે દરરોજ મોટી સંખ્યા મા લોકો પોતાના વાહન લઈ આ રોડ પરથી પસાર થાય છે ત્યારે વાહન ચાલકો અને સ્થાનિક લોકો પણ આ રોડ નહીં બનવાના કારણે ત્રાહિમામ પોકારી ગયા છે સ્થાનિક રહીશો દ્વારા વારંવાર હિંમતનગર ના ધારાસભ્ય અને નવા ગ્રુપ ગ્રામ પંચાયત ને જાણ કરવામાં આવી હોવા છતાં પણ આજ દિન સુધી આ વિસ્તાર મા પાકા રોડ ની માંગ પુરી થઈ નથી

જેથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત વહીવટી તંત્ર આ વિસ્તારની પાયાની સુવિધાઓ પ્રત્યે બેકાળજી દાખવતાં હોવાનું સ્થાનિક લોકો અનુભવ કરી રહ્યા છે ત્યારે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આ વિસ્તારના લોકો દ્વારા આ સમસ્યા પ્રત્યે પ્રજાના પ્રતિનિધિઓ નો જવાબ માગશે અને અગાઉ વચનો આપવા છતાં વિસ્તાર પ્રત્યે ઉપેક્ષા કરનારા સ્થાનિક કોર્પોરેટરો માટે અહીં ફરીથી મત મેળવવા ભારે પડશે એવું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે.

ઉપરોક્ત સમસ્યાના અનુસંધાને સ્થાનિક લોકો દ્વારા ના છૂટકે હિંમતનગર તાલુકા પંચાયત ના પૂર્વ સદસ્ય પ્રકાશ ભાઈ વૈદ્ય ને આ વિસ્તાર મા બે મહિના પહેલા રૂબરૂ બોલાવેલ હતા ત્યારે પૂર્વ સદસ્ય પ્રકાશ વૈદ્ય ને પોતાના મત વિસ્તાર મા આવતો રોડ કયા વિભાગ મા આવે છે તેનો પણ ખ્યાલ ના હતો સ્થાનિક લોકો ને આશ્વાસન આપવા પૂર્વ સદસ્ય જાતેજ રોડ માપવા લાગ્યા હતા છતાં પણ આજ દિન સુધી આ કાચા રોડ પર કોઈ સુધારો થયો નથી સ્થાનિક લોકો દ્વારા પૂર્વ સદસ્ય પ્રકાશ વૈદ્ય ને ટેલિફોનિક વાત કરતા પૂર્વ સદસ્ય એ રમુજી જવાબ આપ્યો' મારા ઘર પાસે નો રોડ ના મંજૂર કરી તમારા વિસ્તાર નો રોડ બનાવી આપીશ મારી જવાબદારી 'પૂર્વ સદસ્ય પ્રકાશ વૈદ્ય હાલ મા તો ચૂંટણી પહેલા રોડ બનાવી આપવાની જવાબદારી લઈ રહ્યા છે તો શું ? સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી પહેલા રોડ બનશે ખરો ? કે પછી વાયદા તેના પર પ્રશ્નો થઈ રહ્યા છે, નાગરિકો નો વિશ્વાસ કેળવી સત્તા પર આરૂઢ થયા બાદ વારંવાર સ્થાનિકો ને પોતાના હકો માટે ભીખ મંગાવી પડે છે ત્યારે આ વિસ્તાર ના લોકો ને ચૂંટણી પહેલા પાકા રોડ રસ્તા નહિ મળે તો સ્થાનિક લોકો આવનારી ચૂંટણીનો બહિષ્કાર કરશે તેવું સ્થાનિક લોકો ના લોક મુખે ચર્ચાઈ રહ્યું હાલમા આ વિસ્તાર મા વાહન ચાલકો આર્થીક અને શારીરિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ઉલ્લેખનીય છે કે પૂર્વ સદસ્ય પ્રકાશ વૈદ્ય સત્તા પર હતા ત્યારે આ વિસ્તાર વિકાસ થી વંચિત રહી ગયો તો હવે ચૂંટણી ટાણે રોડ બનશે?? તે જોવાનું રહ્યું... કાચા અને બિસ્માર રોડને પગલે વિસ્તારના લોકોને પડતી હાલાકી અંતર્ગત સત્તાધીશો માનવીય અભિગમ દાખવી સમસ્યાનો ઉકેલ આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

નેટની સ્પીડ નહીં તો વોટ નહી

ભિલોડાના કુંડોલ-પાલ ગામે ઈન્ટરનેટની સ્પીડના અભાવે ઓનલાઈન અભ્યાસથી વિદ્યાર્થીઓ વંચિત

મોડાસા, તા. ૮

ડિજિટલ ઈન્ડિયાની વાતો વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં નેટવર્ક માટે લોકોએ આંદોલન કરવા પડી રહ્યા છે ડિજિટલ ઈન્ડિયા મુખ્યત્વે શહેરી અને મોટા ગ્રામ્ય વિસ્તારો સુધી સીમિત રહ્યું હોય તેમ ગુજરાતના અનેક અંતરિયાળ વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક માટે ૫ કિલોમીટર સુધી જવું પડે છે કે પછી ડુંગર અને ઝાડ પર ચઢી નેટવર્ક શોધવું પડી રહ્યું છે અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો માટે ડિજિટલ ઈન્ડિયાની વાતો બૂમરેંગ સાબીત થઈ રહી છે કોરોના સંક્રમણમાં નેટની સ્પીડ નહીં મળતા વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચીત રહ્યા છે તેમજ પોસ્ટ, રેશનિંગની દુકાન અને પંચાયતમાં પણ ઓનલાઈન કામગીરી થતી હોવાથી સ્પીડ ન મળતા કૂંડોલ-પાલ ગામ સહીત આજુબાજુના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતા આ અંગે વહીવટી તંત્ર,બીએસએનલ અને રાજકીય અગ્રણીઓને

વારંવાર રજુઆત કરવા છતાં સમસ્યાનો ઉકેલ નહીં આવતાં સ્થાનિકોએ ચૂંટણી બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે. વિવારે કૂંડોલ-પાલ ગામે સ્થાનીક અગ્રણીઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઈન્ટરનેટની સ્પીડ ન મળતા ધો.૧ થી ૧૨ અને કોલેજ કરતા વિદ્યાર્થીઓએ અભ્યાસ થી વંચીત રહેવું પડ્યું હતું આ વિસ્તારમાં ઈન્ટરનેટ સ્પીડ ન હોવાથી પોસ્ટ,રેશનિંગ દુકાન, ગ્રામ પંચાયત સહીત ઓનલાઈન સુવિધાથી વંચિત રહેવું પડે છે છેલ્લા ત્રણ વર્ષથી ગામલોકોએ ઈન્ટરનેટની સ્પીડ માટે જીલ્લા કલેક્ટર,બીએસએનએલ વિભાગ અને મામલતદારમાં વારંવાર રજુઆત કરવા છતાં ઈન્ટરનેટ ડચકા ખાતું હોવાથી આ અંગે સામુહિક ચૂંટણી બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે સ્થાનિકોના જણાવ્યા અનુસાર ૧૦ દિવસમાં ઈન્ટરનેટની સ્પીડ નહીં વધે તો ૨૮ ફેબ્રુઆરીએ યોજાનાર સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓથી અળગા રહેવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે

કૂંડોલ-પાલ ગામલોકોના જણાવ્યા અનુસાર ભાજપ સરકાર સૌનો સાથ સૌનો વિકાસના બણગાં ફૂંકી રહી છે ત્યારે અંતરિયાળ વિસ્તારોમાં વિકાસનો સાથ ભાજપ સરકાર ભૂલી ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

ડીસાનું ગૌરવ....

ઓનલાઈન નિબંધ લેખન સ્પર્ધામાં પ્રદેશ કક્ષાએ પ્રથમ

'પડકાર સામે પ્રયાસ' એ શીર્ષક હેઠળ કાર્ય કરતા ગીતાબેન વાઘેલા, શૈલેષભાઈ રાવળ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી, મહેસાણા દ્વારા પ્રદેશ કક્ષાની ઓનલાઈન નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'કોરોના મહામારી અને મારા અનુભવો' એ વિષય પર સમગ્ર ગુજરાતમાંથી ૨૫૦ થી વધુ સ્પર્ધક વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધેલ.જેમાં સમગ્ર પ્રદેશમાં ડીસાની સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ

ધોરણ - ૯માં અભ્યાસ કરતી ચોખાવાલા પ્રિયાંશી મનોજકુમારે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું, મોટી સમાજનું ગૌરવ વધાર્યુ છે.

શ્રીનાથ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી મોડાસાની જનરલ સભા યોજાઈ

મોડાસા, તા. ૮

મોડાસા નગરની અગ્રગણ્ય સહકારી સંસ્થા શ્રીનાથ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની જનરલ સભા ચેરમેન સુરેન્દ્રભાઈ જે. શાહ ના અધ્યક્ષ સ્થાને તા:૦૭/૦૨/૨૦૨૧ ને રવિવાર ના રોજ સી. એલ. શાહ ઓપન એર થીયેટર કલરવ શાળા, મોડાસા મુકામે મળી હતી જેમાં મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહયા હતા.

જેમાં સૌ પ્રથમ મંડળીના ચેરમેને સ્વાગત પ્રવચન કર્યા બાદ અવસાન પામેલ સભાસદો માટે શોક ઠરાવ પ્રસાર કરવામાં આવ્યો ત્યાર બાદ ગત સાધારણ સભાનું પ્રોસિડીંગ વંચાણમાં લેવામાં આવ્યું તથા વર્ષ:૨૦૧૯–૨૦ ના હિસાબો અને ૧૨ ટકા ડિવિડન્ડ ની મંજૂરી આપવામાં આવી તથા ધોરણ ૧ થી ૧૨ માં વધુ માકર્સ મેળવી ઉત્તિર્ણ થયેલ સભાસદોના બાળકોનું મામેન્ટો, ફુલછડી અને સટીફીકેટ આપી નવાઝવામાં આવ્યા હતા. તા.૩૧/૦૩/૨૦૨૦ના રોજ રૂા.૫૮,૪૪,૯૯૬/-નો ચોખ્ખો નફો કરેલ છે.

અરવલ્લી જીલ્લામાં મંડળીમાં સતત બીજા વર્ષે પ્રથમ સ્થાન મળતા સભાસદો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા. સભાની શરૂમાં મેને.ડિરેકટર પરેશભાઈ બી. મહેતા તથા મેને. ડિરેકટર વિરેનભાઈ એચ. શાહે મંડળીનો અહેવાલ તથા ગત વર્ષનું પ્રોસીડીંગ વંચાણમાં લેવામાં આવ્યુ હતું તથા આભાર વિધિ વા.ચેરમેન ડાં. મુકેશભાઈ આર. શાહે કરી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળીના મેનેજર પ્રકાશભાઈ કે. શાહે કર્યું હતું

ગઠીયા વાથી શરીર જકડાઈ ગયેલ વૃધ્ધ દર્દીઓ સ્વસ્થ

વડગામ તાલુકા મથકે કાર્યરત સરકારી આયુર્વેદ હોસ્પિટલની સફળ સારવાર

વડગામ, તા. ૮

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા મથકે કાર્યરત એકમાત્ર સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં દરરોજ ૧૪૦

દર્દીઓનું નિદાન કરી સારવાર તથા દવાઓ વિના મૂલ્યે આપવામાં આવે છે?, તથા સાતથી દસ દર્દીઓને ઈન્ડોર સારવાર પણ આપવામાં આવે છે , તેવું વૈધ- પંચ કર્મ વર્ગ- ૧ ના અધિક્ષક ડાં.અલ્પેશભાઈ આર. જોષીએ જણાવ્યું હતું. ડોક્ટર જીતેન્દ્રભાઈ પ્રજાપતિ, હોમિયોપેથી ડોક્ટર નિમિષાબેન પટેલ, યોગ થેરાપી ડાં. નાનજીભાઈ પરમાર સહિત કુલ ચાર નિષ્ણાત મેડીકલ ઓફિસરો ના સહિયારા પુરુષાર્થથી વડગામની સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં દરદીઓનો ઘસારો જોવા મળે છે. વડગામ ખાતેની હોસ્પિટલમાં જુદા જુદા દર્દીઓને આર્યુવેદ તથા હોમિયોપેથી પદ્ધતિથી સારવાર આપી સો ટકા સ્વસ્થ કરવામાં આવે છે, તેવું દર્દીઓના અભિપ્રાય ઉપરથી જાણવા મળ્યું છે.

તાજેતરમાં ગઠિયા વાના ત્રણ વૃદ્ધ દર્દીઓ હર્ષદકુમાર ઠક્કર ,બીનાબેન બ્રહ્મભટ્ટ અને જનકરાય બ્રહ્મભટ્ટ બસ્તી થેરાપી, લેપ થેરાપી વગેરે સારવાર દ્વારા ૮ થી ૧૫ દિવસમાં સ્વસ્થ થયા હોવાનું જાણવા મળ્યું છે. જેની ખુશી તેમના ચહેરા પર સ્પષ્ટ વર્તાતી હતી. કોરોના બાદ લોકો સ્વાસ્થ્ય પ્રત્યે સભાન થયા છે તેમાં પણ જડમૂળથી બીમારી કે રોગનું નિવારણ કરતી આયુર્વેદ સારવાર ઉપર લોકોનો વિશ્વાસ વધ્યો છે તેથી જિલ્લાની એકમાત્ર આયુર્વેદ હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ઘસારો રહેવા પામે છે.

સંક્ષિપ્ત સમાચાર...

પાલનપુર સોનગઢ પાટીયા નજીક કાર ચાલકે ત્રણ રાહદારીને કચડયા

પાલનપુર તાલુકાના સોનગઢ પાટીયા પાસે એક કાર ચાલકે ત્રણ રાહદારીને અડફેટે લીધા હતા. જેમાં એક મહીલાનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતુ.ઘાયલોને સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા દરમિયાન વધુ એક મહિલાનું સિવિલમા સારવારમાં મોત થતાં પરિવારજનોએ સિવિલમાં હંગામો મચાવ્યો હતો અને સિવિલ સત્તાધીશો સામે રોષ વ્યક્ત કર્યો હતો. પાલનપુર તાલુકાના સોનગઢના પાટીયા નજીક શનિવારે એક કાર ચાલકે રસ્તો ઓળંગી રહેલી ત્રણ મહિલાઓને અડફેટે લીધા હતા. જેમાં એક મહીલાનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતુ.તેમજ બે મહિલાઓને ઈજાઓ થઈ હતી.જેના પગલે લોકોના ટોળે-ટોળા એકત્ર થઈ ગયા હતા.અને ૧૦૮ અને પોલીસને જાણ કરવામાં આવી હતી.જેથી ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી આવી બન્ને મહિલા ઈજાગ્રસ્તોને પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.આ ઘટનાને પગલે કાર ચાલક પોતાની કાર મુકી ભાગી ગયો હતો.જેના પગલે ઉસ્કેરાયેલા ટોળાએ કારની તોડફોડ કરતા ઉત્તેજના પ્રસરી ગઈ હતી.જેથી ઘટના સ્થળે પોલીસ દોડી આવતા પરીસ્થિતી ઉપર કાબુ મેળવી કારને પોલીસ મથકે લાવી દીધી હતી.

અકસ્માતમાં ભોગબનનાર
લક્ષ્મીબેન સુરેશભાઈ પરમાર (મૃતક)
નીતાબેન ગોવિંદભાઈ પરમાર(મૃતક)
નેહલબેન પરમાર(ઘાયલ)

ધાનેરામાં વરલી મટકા જુગાર રમાડતા તત્વો રિક્ષામાં બેસીને મોબાઈલથી ધંધો કરી રહ્યા છે

ધાનેરામાં વરલી મટકા જુગાર ના રમાય તે માટે પોલીસ તંત્રે કમર કસી છે પરંતુ મટકા રમાડનાર લોકો વધારે આ ધંધામાં રચ્યા પચ્યા રહે છે આ વરલી મટકા જુગાર ચિઠ્ઠીઓ દ્વારા રમાડતા હતા જે હોટલો પાસે અને ગલી સ્ટેશનો ઉપર બેસીને રમાડતા હતા જે સ્થળો પોલીસની નજરમાં હતા ત્યાંથી પોલીસ તેમને પકડતી હતી પરંતુ કોમ્પ્યુટર યુગમાં નવી ફોર્મ્યુલા વાપરીને મોબાઈલ દ્વારા પોતાનો જુગારનો ધંધો રમાડી રહ્યા છે વળી પોલીસને ખબર ન પડે એટલે પોલીસની આંખમાં ધૂળ નાખીને આવા લોકો રીક્ષા માં બેસીને ગ્રાહકોને કોન્ટેક રાખે છે અને રિક્ષામાં બેસીને વરલી મટકા રમાડી રહ્યા છે પરંતુ કસ્ટમર ને કહેવામાં આવે છે કે ફલાણી ફલાણી રિક્ષામાં અમે બેઠા છીએ જેથી તેઓ રિક્ષામાં બેસી રહે છે અને વરલી મટકા નો ધંધો ચાલુ રાખ્યો છે તો આવા તત્વો ને પોલીસ તંત્ર સાદા ડ્રેસમાં રિક્ષામાં પણ તપાસ કરે અને ધાનેરામાં થી જુગાર વરલી મટકા નો ધંધો જડમૂળમાંથી ખતમ થાય અને ધાનેરામાં પોલીસ તંત્ર કડક થઈ આવા તત્વોને શોધી કાયદેસરની કાર્યવાહી કરે તેવી ગ્રામજનોની વિનંતી છે.

ડીસા-પાટણ હાઈવે ઉપર જીવલેણ ખાડા : ગમખ્વાર માર્ગ અકસ્માતની દહેશત

ડીસા, તા. ૮

ડીસા -પાટણ હાઈવે પર અવાર નવાર નાના મોટા અકસ્માત સર્જાઈ રહ્યા છે. તાજેતરમાં જ ધરપડા પાટીયા નજીક એક બલેનો ગાડી અને બાઈક વચ્ચે ધડાકા ભેર અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક ચાલક ગંભીર રીતે ઘવાયો હતો ત્યારે આવા તો કેટલાય નિર્દોષ લોકો અહીં અકસ્માતનો ભોગ બની જીવન મરણ વચ્ચે ઝોલા ખાય છે જે અકસ્માત સર્જાવાની પાછળ હાઈવે પર પડેલા મસમોટા ખાડા જવાબદાર છે જેથી હજુ પણ ગમખ્વાર માર્ગ અકસ્માત

સર્જાવાની સંભાવના જણાય છે ડીસા પાટણ હાઈવે પર ઠેરઠેર મસમોટા ખાડા પડી ગયા છે જેના કારણે વાહન ચાલકો પણ પરેશાન થઈ રહ્યા છે ત્યારે હાઈવે તંત્ર દ્વારા કે લાગતા વળગતા તંત્ર દ્વારા માત્ર થિગડા મારવાની સાથે કામગીરીમાં લાલિયા વાડી ચલાવી રહ્યા હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે જેથી માર્ગ અકસ્માતો ટાળવા સત્વરે ખાડાઓનું સમારકામ હાથ ધરાય તેવો જનમત પ્રવર્તે છે.

ડીસામાં યુવકે ડરાવી-ધમકાવી બળજબરીથી નર્સ સાથે દુષ્કર્મ આચર્યુ

ડીસા, તા. ૮

ડીસા પંથકની એક નર્સને ઈસમે ફોસલાવી ફરવા લઈ જઈ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના સામે આવી છે. આ સાથે આરોપી ઈસમે યુવતિને ડરાવી-ધમકાવી પોલીસમાં પણ પોતાના સમર્થનમાં નિવેદન અપાવ્યું હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ કર્યો છે. ઈસમે યુવતિને ફરવા લઈ-જઈ ફોસલાવી કોર્ટમાં કોઈ દસ્તાવેજ પર સહી કરાવ્યાનો પણ ઘટસ્ફોટ થયો છે. જે બાદમાં અલગ-અલગ જગ્યાએ લઈ જઈ યુવતિની મરજી વિરૂધ્ધ બળાત્કાર કર્યો હોઈ યુવતિએ પોતાના પરિવારને વાત કરી હતી. જેને લઈ યુવતિએ આરોપી ઈસમ પોલીસ ફરીયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા પંથકની એક યુવતિને ઈસમે ફોસલાવીને ફરવા લઈ જઈ બળજબરીથી દુષ્કર્મ આચરતાં ફરીયાદ નોંધાઈ છે. પંથકમાં નર્સ તરીકે સેવા આપતી યુવતિ અગાઉ ઈન્સ્ટાગ્રામ મારફતે આસુ મફાજી પરમારના સંપર્કમાં આવી હતી. જે બાદમાં યુવકે તેની પરણેતર પત્નિ ઘરે આવતી ન હોવાનું કહી નર્સને લગ્નની લાલચ આપી ફરવા જવા કહ્યું હતુ. જે બાદમાં ઈસમે યુવતિને અમદાવાદ લઈ જઈ બળજબરીથી કોર્ટમાં સહી કરવાનું કહેતાં નર્સે સહી કરી દીધી હતી. આ તરફ ત્યાંથી યુવતિને નારોલ(અમદાવાદ)ના કોઈ ગેસ્ટહાઉસમાં લઈ જઈ તેની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હતુ.

ઉત્તર પોલીસ મથકે પીડિતાના પરિવારનો દ્વારા ફરિયાદ : યુવતિને ફરવા લઇ જવાનું કહી અનેકવાર મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ

સૂત્રોએ જણાવ્યું હતુ કે, ઈસમે નર્સને ડરાવી-ધમકાવી અનેકવાર દુષ્કર્મ આચર્યુ હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ કર્યો છે. આ સાથે યુવક નર્સને રાજસ્થાનમાં ઉદયપુર લઈ ગયા બાદ ત્યાં પણ દુષ્કર્મ આચર્યુ હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ તરફ આસુએ યુવતિને કહેલ કે, મેં મારા ઘરવાળાનો સંપર્ક કર્યો હોઈ તે આપણને લેવા આવવાના છે. તારે મારી સાથે જ રહેવાનું હોઈ હું કહું તેમ જ કરવા અને જો તેમ ના કર્યુ તો તારી લાશ પણ જોવા નહીં મળે તેવી ધમકી આપી હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ કર્યો છે. જે બાદમાં યુવતિને ડરાવીને પોલીસ સ્ટેશનમાં યુવકે પોતાની તરફેણમાં નિવેદન લેવડાવ્યા બાદ યુવતિ પોતાના ઘરે પહોંચી હતી. જ્યાં તેણે માતા-પિતાને બધી વાત કરી યુવક સામે ડીસા ઉત્તર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. પોલીસે ઈસમ સામે આઈપીસી કલમ 366, 376(2)(n), 506(2) મુજબ ગુનો આંસુ મફાજી પરમાર ગામ રાજકોટ તા.દાંતીવાડા વાળા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.